# સચીન વિસ્તારમાં દેશી તમંચા સાથે બાળ કિશોરને ઝડપી પાડતી સુરત એસ.ઓ.જી.ટીમ

સુરત શહેરમાં ગે.કા. હથિયાર અંગેના કેસો શોધી કાઢવા અંગે એસ.ઓ.જી. શાખાની ટીમ શહેર. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. જાકીરહુસૈન યુસુફ નાઓને બાતમી હકીકત મળેલ કે, એક બાળ કિશોર પોતાની પાસે દેશી તમંચો સંતાડી રાખી સચીન-પલસાણા ટી-પોઇન્ટ પાસે આવેલ ધરમકાંટા પાસે ફરી રહ્યો છે. ”તે બાતમી આધારે ટીમના માણસોએ ત્યાં જઈ વોચ ગોઠવી બાળકિશોરને ઝડપી પાડી તેના કમરના ભાગે સંતાડી રાખેલ લાયસન્સ વગરનો એક દેશી હાથ બનાવટનો તંમચો કીંમત રૂ,૫,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરેલ. મજકુર બાળ કિશોરને તમંચા બાબતે પુછપરછ કરતા તેણે જણાવેલ કે, તેની પ્રેમીકાના પુર્વ પ્રેમી સાથે ઝઘડો ચાલતો હોય જેથી તેને ડરાવવા માટે આજથી એકાદ મહીના પહેલા કૈલાસ વિશ્વકર્મા રહે. ગામ દોહરીધાટ જી.આજમગઢ (યુ.પી) વાળા પાસેથી ખરીદી કરી લાવેલ હોવાનું જણાવતા મજકુર બાળ કિશોરને ડીટેઇન કરી, પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.